brampton.ca **BRAMPTON** Flower City

media release

મે 2, 2018

# સ્ટોર્મવોટર મેનેજમેન્ટ ફાઈનાન્સીંગ સ્ટડી પબ્લિક ઈન્ફર્મેશન સેશન (જાહેર માહિતી સત્ર)
### *મે 9 નાં રોજ બ્રામ્પટન સીટી હૉલમાં*

બ્રામ્પટન, ઓન્ટેરિયો – સીટી ઓફ બ્રામ્પટને સ્ટોર્મવોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સનું (માળખાકીય સગવડોનું) સંચાલન કરવા અને ભંડોળ ભેગું કરવા માટે એક વ્યાપક સ્ટોર્મવોટર કાર્યક્રમ વિકસાવવા સ્ટોર્મવોટર મેનેજમેન્ટ ફાઈનાન્સીંગ સ્ટડી (સંચાલન ધિરાણ અભ્યાસ) પ્રારંભ કર્યો છે.

રહેવાસીઓને સ્ટોર્મવોટર મેનેજમેન્ટ અને અભ્યાસમાંથી મળેલા તારણો વિશે વધુ માહિતી મેળવવા અને દરખાસ્ત હેઠળના નવા કાર્યક્રમ, ચડિયાતું ભાવ બંધારણ અને ભંડોળ સંબંધિત મોડેલ પર મંતવ્યો પૂરા પાડવા બુધવાર, મે 9 નાં રોજ, સાંજે 7 થી રાત્રે 9 વાગ્યા સુધી સીટી હૉલ આટ્રિયમમાં યોજાનાર જાહેર માહિતી સત્રમાં હાજર રહેવાનું નિમંત્રણ આપવામાં આવે છે.

આ માહિતી સત્રમાં સામુદાયિક સભ્યોની સમીક્ષા માટે શ્રેણીબદ્ધ પોસ્ટર બોર્ડ્સનો સમાવેશ થશે. સીટી કર્મચારીઓ અને પ્રોજેક્ટ ટીમના સભ્યો પ્રશ્નોના જવાબ આપવા અને સ્ટોર્મવોટર મેનેજમેન્ટ અને અભ્યાસને લગતી વધુ ચર્ચા કરવા ઉપલબ્ધ રહેશે.

જો રસ ધરાવતા પક્ષકારો હાજર ના રહી શકે તો, પોસ્ટર બોર્ડ્સ અને કોમેન્ટ ફોર્મની ઈલેક્ટ્રોનિક આવૃત્તિ માહિતી સત્ર પત્યા પછી વેબસાઈટ www.brampton.ca પર ઉપલબ્ધ થશે. ટિપ્પણી પૂરી પાડવાનો સમયગાળો મે 31, 2018 સુધી ચાલુ રહેશે.

સ્ટોર્મવોટર મેનેજમેન્ટ સામુદાયિક સુરક્ષા અને પર્યાવરણલક્ષી સંરક્ષણનો એક મહત્વનો ભાગ છે. આબોહવામાં ફેરફાર, જીર્ણ થતી માળખાગત સગવડ અને વિકસિત સમુદાય જેવા પરિબળોને લીધે, આપણાં શહેરને ટકાઉ અને આર્થિક રીતે જવાબદાર બનીને સ્ટોર્મવોટર માળખાગત સગવડનું સંચાલન કરવા પહેલેથી સક્રિય કાર્યક્રમ વિકસાવવાની જરૂર છે જેથી કરીને ખાતરી કરી શકાય કે આપણે આપણાં સમુદાયની અપેક્ષાઓ અનુસાર સેવાઓ પૂરી પાડવાનું ચાલુ રાખીએ છીએ.

વધુ માહિતી મેળવવા, વેબસાઈટ જુઓ www.brampton.ca

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતું ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter અને Facebook પર ફોલો કરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા કોર્ડિનેટર (Media Coordinator)
સીટી ઓફ બ્રામ્પટન (City of Brampton)
905.874.3654 | natalie.stogdill@brampton.ca